Navgujarat Samay

February 20, 2015
Page No. 4

EDI

## EDIમાં આજથી આંત્રપ્રિન્યોરશીપ સમિટ

**અમદાવાદઃ** આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા દ્વારા ૨૦ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન એન્યુઅલ આંત્રપ્રિન્યોરશીપ સમિટ 'એમ્પ્રેસોરિયો ૧૫' નું આયોજન થયું છે. સમિટમાં વિવિધ એકેડેમિશીયન્સ, ન્યુ એજ આન્ત્રપ્રિન્યોર્સ, બિઝનેસ પર્સનાલિટીઝ, વેન્ચર કેપિટલિસ્ટ્સ અને વિદ્યાર્થીઓને પરસ્પર વિચારો અને મંતવ્યો શેર કરવાનું એક પ્લેટફોર્મ મળે છે. આ વખતની સમિટની થીમ 'વેલ્યુ સેન્ટર્ડ એન્ટરપ્રાઈઝ' રાખવામાં આવી છે. બિઝનેસ વર્લ્ડ મેગેઝિનના ચેરપર્સન અનુરાગ બત્રા આ સમિટના ચીફ ગેસ્ટ છે. તે ઉપરાંત આ સમિટમાં સ્ટર્લિંગ હોસ્પિટલ્સના સીઇઓ રાજીવ શર્મા, સીનોવર્જ ના સીઇઓ પ્રશાંત હાલારી, વ્હાઈટ સ્પેસીસ કન્સલ્ટિંગના સીઈઓ અને ફાઉન્ડર જ્યોતિર્મય બોઝ, તેમજ એરીસ એગ્રોના ડિરેક્ટર ડૉ. રાહુલ મિરચંદાની પણ વિવિધ વિષયો પર વાત કરશે.